# બદલો લેવા એનએસસીએનના બળવાખોરો ભારતમાં ઘુસ્યા

## ઉત્તર પૂર્વીય રાજ્યોમાં હુમલાની શક્યતા : એલર્ટની ઘોષણા થઈ

નવી દિલ્હી,તા. ૧૧

મ્યાનમારની અંદર ઘુસીને ભારતીય સેનાએ હાલમાં જ મોટું અને સફળ ઓપરેશન પાર પાડી મોટી સંખ્યામાં બળવાખોરોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ બદલો લેવા માટે એનએસસીએન (કે)ના બળવાખોરો ઘુસણખોરી કરી રહ્યા છે અને હુમલાની યોજના ધરાવે છે તેવા અહેવાલ બાદ તમામ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં હાઈએલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. એનએસસીએન (કે)ના બળવાખોરો બદલો લેવા માટે ભારતમાં પ્રવેશી ગયા છે તેવા અહેવાલ બાદ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં કેન્દ્ર સરકારે હાઈ સુરક્ષા એલર્ટની જાહેરાત કરી દીધી છે. એરફોર્સની મદદથી ભારતીય સેનાએ મ્યાનમારની અંદર ઘુસીને મોટું ઓપરેશન પાર પાડ્યાના બે દિવસ બાદ એનએસસીએન (કે)ના બળવાખોરો હુમલાના ઈરાદા ધરાવે છે તેવા ઈન્ટેલીજન્સ અહેવાલ મળી ચુક્યા છે. મંગળવારના દિવસે ભારતીય સેનાએ પ્રથમ ક્રોસ બોર્ડર ઓપરેશન હાથ ધરીને ભારત-મ્યાનમાર સરહદ ઉપર અડ્ડાઓને ફુંકી માર્યા હતા. આમાં મોટી સંખ્યામાં બળવાખોરો માર્યા ગયા હતા. મણિપુરમાં છુપા હુમલામાં ૧૮ ભારતીય જવાનો શહીદ થયા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ટોપ સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, ૧૫થી ૨૦ બળવાખોરો ભારતમાં ઘુસણખોરી કરી ગયા છે. બદલો લેવા માટે આ લોકો ઉત્સુક દેખાઈ રહ્યા છે. પરંતુ અમે આવા હુમલાને નિષ્ફળ બનાવવા માટે તૈયાર છીએ. આજે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી જેમાં સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને સેનાના વડા ઉપસ્થિત રહ્યા હતા. સરકારી અધિકારીના



જણાવ્યા મુજબ, બળવાખોરો રાષ્ટ્રીય સંપત્તિને નુકશાન પહોંચાડી શકે છે. મીટિંગમાં બળવાખોરોના કેમ્પ ઉપર વધુ હુમલા કરવાની જરૂરીયાત ઉપર પણ ચર્ચા કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે,તાજેતરના વર્ષોમાં સૌથી મોટી કાર્યવાહી ભારતે મ્યાનમારમાં ઘુસીને કરી હતી. જેમાં ૭૦થી વધુ કમાન્ડો જોડાયા હતા. ૪૦ મિનીટ સુધી આ ઓપરેશન ચાલ્યું હતું. ટૂંકાગાળામાં જ બળવાખોરોનો ખાત્મો બોલાવી દેવાયો હતો. નાગા આતંકવાદીઓએ હુમલો કરીને મણિપુરમાં ૧૮ સૈનિકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ આ નિર્ણય કરાયો હતો અને સાતમી જુનની રાત્રે વડાપ્રધાન મોદીએ કાર્યવાહીની લીલીઝંડી આપી દીધી હતી. ૨૧ પેરાના કમાન્ડો જેમની પાસે તમામ પ્રકારના ઘાતક હથિયારો, રોકેટ લોન્ચરો, ગ્રેનેડ, રાત્રે જોઈ શકાય તેવા સાધનો હતા તે લોકોએ ધ્રુવ હેલિકોપ્ટરથી ઉતરીને કાર્યવાહી કરી હતી. ભારતીય સેનાની બે ટુકડીઓમાં વિભાજીત થઈ ગઈ હતી અને ચોથી જુનના દિવસે થયેલા હુમલા માટે જવાબદાર એનએસસીએન (કે) અને કેવાયકેએલ દ્વારા ચલાવવામાં આવતા કેમ્પને ફુંકી દીધા હતા. ટ્રેનિંગ કેમ્પ સુધી પહોંચીને જોરદાર કાર્યવાહી કરી હતી. વાસ્તવિક ઓપરેશન ૪૦ મિનીટ સુધી ચાલ્યું હતું. રોકેટ લોન્ચરોનો પણ ઉપયોગ કરાયો હતો. આ હુમલામાં ૩૮થી પણ વધુ બળવાખોરોને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. ઈન્ડિયન એરફોર્સના એમઆઈ-૧૭ હેલિકોપ્ટરને પણ તૈયાર રખાયા હતા. સેનાની વિરુદ્ધમાં કોઈ ઓપરેશન થાય તો તેમને બચાવી લેવા માટે આ હેલિકોપ્ટરો તૈયાર કરાયા હતા. જનરલ ઓફિસર કમાન્ડિંગ લેફટી જનરલ બીપીન રાવતની દેખરેખ હેઠળ આ ઓપરેશન પાર પડાયું હતું. બીજીબાજુ સેનાના વડા દલબીરસિંહ સુહાગ પણ સેનાના હેડક્વાર્ટરથી સંકલન કરી રહ્યા હતા. દોવલે પણ ઓપરેશન પર નજર રાખી હતી. સુત્રોનું કહેવું છે કે, જો જરૂર પડશે તો આવા વધુ ઓપરેશન પાર પાડવામાં આવશે.

## રવિ શાસ્ત્રી આગામી ટીમ ઈન્ડિયા કોચ

નવી દિલ્હી,તા. ૧૧

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને વર્તમાન ટીમ ડિરેક્ટર રવિ શાસ્ત્રી હવે ભારતીય ક્રિકેટ ટીમના આગામી કોચ તરીકે નિમણૂંક કરવામાં આવે તેવી શક્યતા છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે શાસ્ત્રી આની સાથે જ વિશ્વમાં હાઈએસ્ટ પેઈડ ક્રિકેટ કોચ બની જશે. તેની વર્ષે કમાણી સાત કરોડની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૫૩ વર્ષીય રવિ શાસ્ત્રીને ટીવી કોમેનટેટર તરીકે તેમની ભૂમિકા બદલ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ દ્વારા ચાર કરોડની ચુકવમી કરવામાં આવી હતી. જ્યારે ટમ ડિરેક્ટર તરીકે કોન્ટ્રાક્ટ બદલ વર્ષે છ કરોડની ચુકવણી કરવામાં આવી રહી છે. વર્લ્ડ કપ ૨૦૧૫ બાદ ભારતીય ક્રિકેટ ટીમના કોચ તરીકે ડંકન ફ્લેચરનો ગાળો પૂર્ણ થયો હતો. ફ્લેચરને ૪.૫ કરોડની ચુકવણી કરવામાં આવી રહી હતી. મળેલા અહેવાલ મુજબ બાંગ્લાદેશના પ્રવાસ બાદ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ દ્વારા નવા કોચની વિધિવત જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. જો શાસ્ત્રી નવો કોચ બનશે તો વર્ષ ૨૦૦૦ બાદ કોચ તરીકેની જવાબદારી સંભાળનાર રવિ શાસ્ત્રી પ્રથમ ભારતીય કોચ બની જશે. નોધનીય છે કે રવિ શાસ્ત્રીના તમામની સાથે ખુબ સારા સંબંધ રહ્યા છે. ગયા વર્ષે ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન ડિરેક્ટર તરીકે તે રહ્યો હતો. રવિ શાસ્ત્રી ટીમ ઈન્ડિયાના ખેલાડીઓનો પણ ટેકો ધરાવે છે. જેમાં સ્ટાર ખેલાડી સામેલ છે. શિખર ધવન, વિરાટ કોહલી અને અન્ય કેટલાક ખેલાડી શાસ્ત્રીને પૂર્ણ માન આપે છે. સાથે સાથે તેનાથી પ્રભાવિત પણ રહ્યા છે.

## યોગ દિવસને ટેકો આપવા દારૂલ ઉલુમનો અંતે નિર્ણય

નવી દિલ્હી,તા. ૧૧

ટોપ ઈસ્લામિક સંસ્થા દારુલ ઉલુમે ૨૧મી જુનના દિવસે આયોજીત આંતરરાષ્ટ્રીય યોગા દિવસના સમર્થનમાં આગળ આવવાની જાહેરાત કરી દીધી છે અને કહ્યું છે કે યોગાને ધર્મ સાથે જોડવામાં આવે તે બાબત બિલકુલ યોગ્ય નથી. ઉત્તરપ્રદેશમાં દેવબંધમાં ઉચ્ચસ્તરીય કાર્યક્રમમાં મૌલવીએ ભારપૂર્વક કહ્યું છે કે, યોગ એક કસરતના સ્વરૂપ તરીકે છે અને તેને ધર્મ સાથે જોડવામાં આવે તે બાબત બિલકુલ યોગ્ય નથી. ઈસ્લામિક સંસ્થાએ એમપણ કહ્યું છે કે, યોગા કરવાથી મુસ્લિમોને રોકવા માટે તેના દ્વારા કોઈ ફતવા જારી કરવામાં આવ્યા નથી. બીજીબાજુ મુસ્લિમ પ્રતિનિધિઓ આજે આયુષ અને ભારતીય જનતા પાર્ટીના નેતાને મળ્યા હતા. આયુષમંત્રીને પણ મળ્યા હતા. જેમાં યોગા કાર્યક્રમને ટેકો આપવાની ખાતરી આપવામાં આવી હતી. ભાજપના નેતા શ્રીપદ નાયકે મોડેથી કહ્યું હતું કે, મુસ્લિમ પ્રતિનિધિઓએ આંતરરાષ્ટ્રીય યોગા દિવસમાં ભાગ લેવાની ખાતરી આપી છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ સહિત કેટલાક લઘુમતી સંગઠનો ફરજીયાત યોગા સામે વિરોધ કરી ચુક્યા છે. સ્કુલોમાં યોગ ક્લાસને ફરજીયાત કરવાનો વિરોધ કરવામાં આવી ચુક્યો છે. સરકારે સોમવારના દિવસે કહ્યું હતું કે, ૨૧મી જુનનો કાર્યક્રમ કોઈ ફરજીયાત ભાગ લેવા માટે નથી. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, યોગા દિવસમાં ભાગ લેવામાં આવે તેવી કોઈ સુચના આપવામાં આવી નથી. યોગની પ્રેક્ટીસને કોઈ જાતિ, ધર્મ સાથે જોડવી જોઈએ નહીં. સ્કુલમાં સુર્ય નમસ્કાર અને યોગને ફરજીયાત કરવાની કોઈપણ હિલચાલ સામે આંદોલન કરવાનો ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ દ્વારા કરાયેલા નિર્ણય અંગે પૂછવામાં આવતા સિંહે કહ્યું હતું કે, તેઓ બોર્ડના વલણ અંગે ટિપ્પણી કરવા માંગતા નથી. ભારતમાં ૧૪૦ મિલીયન મુસ્લિમો રહે છે. યોગ દિવસ પહેલાં રાષ્ટ્રીય પાટનગરમાં મજબુત સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે.

**મામલામાં ૧૬મી જુને સુનાવણી**

## તોમરને જામીન આપવા કોર્ટે કરેલો સાફ ઈનકાર

નવી દિલ્હી,તા. ૧૧

બનાવટી ડિગ્રી કેસના સંદર્ભમાં દિલ્હીના પૂર્વ કાયદામંત્રી જીતેન્દ્રસિંહ તોમરની જામીન અરજી પર સુનાવણી દિલ્હી કોર્ટે આજે ૧૬મી જુન સુધી મોકુફ કરી દીધી હતી. વચગાળાના જામીન માટેની તોમરની વિનંતીને પણ ફગાવી દેવામાં આવી હતી અને જણાવવામાં આવ્યું હતું કે, વર્તમાન સંજોગોમાં આનાથી સ્થિતિ વધુ વણસી શકે છે. જીતેન્દ્રસિંહ તોમરની જામીન અરજી પર સુનાવણી ચલાવતીવેળા દિલ્હી કોર્ટે ધારદાર રજુઆત કરી હતી. એએપીના ધારાસભ્યએ ગઈકાલે બનાવટી ડિગ્રી કેસના સંદર્ભમાં તેમની ધરપકડને પડકાર ફેંકીને કોર્ટમાં અપીલ કરી હતી. અહેવાલમાં દાવો કરાયો છે કે, તોમર ફિઝીક્સની લેબ, તેમના ક્લાસરૂમ, કેન્ટીનને ઓળખવામાં પણ સફળ થયા નથી. જ્યારે તેઓ બીએસઈ કોર્સ કરી ચુક્યા હોવાનો દાવો કરી ચુક્યા છે. ટ્વીટર ઉપર પોતાના અભિપ્રાયમાં એએપીના નેતા આશુતોષે કહ્યું છે કે, અમે ભ્રષ્ટાચાર સામે લડી રહ્યા છીએ. આ બાબત સરળ નથી. આક્ષેપોનો દોર યથાવત રીતે ચાલતો રહેશે.

**બ્રહ્મપુત્ર નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી**

## આસામમાં પુરની પરિસ્થિતિ વધુ વણસી : ૧૩ જિલ્લાઓ સકંજામાં

ગુવાહાટી,તા. ૧૧

આસામમાં સતત ધોધમાર વરસાદના પરિણામ સ્વરૂપે પુરની સ્થિતિ આજે વધુ વણસી ગઈ હતી. સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા એલર્ટની જાહેરાત કરાઈ છે. કારણકે, ગુવાહાટીમાં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી ઘણા સ્થળ ઉપર ચેતવણીના સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. ગુવાહાટીમાં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી ૪૮.૬૮ મીટરના ચેતવણી માર્ગથી ૦.૨૦ મીટર ઉપર પહોંચી ગઈ છે. અહીં ભયજનકસ્તરનો આંકડો ૪૯.૬૮નો છે. વર્ષ ૨૦૦૪માં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી ૫૧.૪૬ સુધી પહોંચી હતી. પ્રદેશમાં શનિવારે મોનસુનની એન્ટ્રી થઈ ગઈ હતી. રાજ્યમાં ૧૩ જિલ્લાઓમાં લોકો ભારે પ્રભાવિત થયા છે. આ વર્ષે પુરની પ્રથમ વખત સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં એક વર્ષમાં ચારથી વધુ વખત પુરની સ્થિતિ રહી શકે છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન હવે અરુણાચલ, આસામ,



મેઘાલયમાં કેન્દ્રીત છે.આસામમાં પુરની સ્થિતી આજે વધારે વણસી ગઈ હતી. કારણકે અનેક નવા વિસ્તારો પણ પુરના સકંજામાં આવી ગયા છે. જેથી અસરગ્રસ્તોની સંખ્યા વધીને ૧.૯૫ લાખ સુધી પહોંચી ગઈ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બ્રહ્મપુત્ર ખીણમાં ૮૨૦૦ હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થયુ છે. મોતનો આંકડો હવે વધીને બે થઈ ગયો છે. જે પૈકી બોંગાઈગામમાં એક અને લખીમપુરમાં એકનુ મોત થયું છે.જોરહાટ જિલ્લામાં બ્રહ્મપુત્ર નદીમાં નેમાતીઘાટ ખાતે પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. આસામના લખીમપુરમાં સૌથી વધારે અસર થઈ છે. અહીં ૬૬૦૦૦ લોકો પુરના સકંજામા આવી ગયા છે. બારપેટામાં ૪૩૦૦૦ લોકો પુરના સકંજામાં આવી ગયા છે. સત્તાવાળાઓ દ્વારા જુદા જુદા વિસ્તારમાં રાહત કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે કેટલાક લોકોને અન્યત્ર ખસી જવાની ફરજ પડી છે. બારપેટા, સોનિતપુર, ધેમાજી, લખીમપુર, તીનસુકિયા, દારંગ, નાલબેરી, ગોલપારા, જોરહાટ અને કામરૂપ સહિતના જિલ્લામાં ૫૫૩ ગામોમાં પુરના પાણી ફરી વળ્યા છે અને લોકોની હાલત ખુબ કફોડી બની ગઈ છે. સોનિતપુર, બારપેટા અને જોરહાટમાં નદી કિનારે કેટલાક ગાબડા પડ્યા હોવાના અહેવાલ પણ મળ્યા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આસામ રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે બારપેટા, સોનિતપુર, ધેમાજી, કોકરાઝાડ, બોંગઈગામ અને લખીમપુર જિલ્લાના વિવિધ ગામોમાં લોકોની હાલત કફોડી બની છે. પુરના કારણે સોનિતપુરમાં બે અને બોંગાઈગામમાં એક માર્ગ અને બે પુલને પણ નુકસાન થયું છે. કામરુપ જિલ્લામાં પુથીમારી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. બીજી બાજુ અન્ય કેટલીક નદીઓમાં પણ પાણીની સપાટી હવે સતત વધી રહી છે. હાલમાં ભારે વરસાદના કારણે ૧૩ જિલ્લામાં પુરની સ્થિતી સર્જાઈ ગઈ છે. બચાવ અને રાહત કામગીરી કેટલાક વિસ્તારમાં હાથ ધરીને લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. તમામ જરૂરી સુવિધા કેમ્પમાં લોકોને આપવામાં આવી રહી છે. સ્થિતીમાં હાલમાં સુધાર થાય તેવા કોઈ સંકેત નથી. તંત્ર પણ બિલકુલ સાવધાન છે. તીનસુકિયામાં ત્રણ અને સોનિતપુરમાં એક કેમ્પની શરૂઆત કરવામાં આવી છે. આસામના રેવેન્યુ પ્રધાન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રદાન તેમજ જળ સંશાધન પ્રધાન દ્વારા વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી છે.

## સસ્તા વિમાની ભાડાઓની ઓફર પર સરકારની નજર

નવી દિલ્હી,તા. ૧૧

આવનાર દિવસોમાં ખુબ ઓછા ભાડા પર વિમાની યાત્રા કરાવવાની એરલાયન્સની ઓફર બંધ થઈ શકે છે. કારણ કે કેન્દ્ર સરકારે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી દીધુ છે. હાલમાં એરલાયન્સ કંપનીઓ વચ્ચે ચાલી રહેલી ગળાકાપ સ્પર્ધામાં એરલાઈન્સ સ્પર્ધામાં ટકી રહેવા માટે સસ્તા ભાડાની ઓફર કરે છે. બીજી બાજુ હવે નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા તેના પર હવે ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ઉડ્ડયન મંત્રાલય માને છે કે હરિફ કંપનીઓના માર્કેટને બગાડી દેવા અને તેને નુકસાન કરવાના હેતુથી આ પ્રકારની ઓફર જુદી જુદી એરલાઈન્સ દ્વારા કરવામાં આવે છે. હરિફ કંપનીઓના માર્કેટને બગાડી દેવાના સ્ટન્ટ તરીકે ગણાવીને સરકાર હવે તેના પર અંકુશ મુકવાની તૈયારીમાં છે. વિમાની યાત્રાના ભાડામાં ઝડપી ઉતારચઢાવને લઈને ચિંતિત નાગરિક ઉડ્ડયન મંત્રાલયના અધિકારીઓએ કહ્યુ છે કે ટિકિટમાં અસામાન્ય ઘટાડો અને બજારને તોડી પાડવાની નિતી તેને સ્વીકાર્ય નથી. અલબત્ત મંત્રાલય દ્વારા ભાડા માટે કોઈ મર્યાદા નક્કી કરવામાં આવે કે કેમ તે અંગે કોઈ નિર્ણય કર્યો નથી. પરંતુ આ દિશામાં વિચારણા કરવામાં આવે તેવી શક્યતા છે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે વિમાન કંપનીઓ ટિકિટના ભાવ વધારે ઉંચા ન રાખે તેમ અમે ઈચ્છીએ છીએ. અમે પોતે તેમની પાસેથી શિસ્ત જાળવી રાખવાની અપેક્ષા રાખી રહ્યા છીએ. મુલ્ય નિર્ધારણમાં તકવાદી નિતીને કોઈ પણ કિંમતે ચલાવી લેવામાં આવશે નહી. રસપ્રદ બાબત એ છે કે વિમાની ક્ષેત્રના નિયામક ડીજીસીએ દ્વારા કહેવામાં આવ્યુ છે કે સૌથી વધારે માંગની સિઝનમાં સ્થાનિક એરલાયન્સ કંપનીઓના ભાડા લઘુત્તમ ભાડાની સમાન છે.

## કોઝીકોડ વિમાનીમથક ખાતે સ્ટાફ વચ્ચે હિંસક અથડામણ

કોઝીકોડ,તા. ૧૧

કેરળના કોઝીકોડમાં કારીપુર ઇન્ટરનેસનલ એરપોર્ટને બંધ કરવાની આજે ફરજ પડી હતી. કારણ કે સીઆઇએસએફના જવાનો અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના અધિકારીઓ વચ્ચે હિંસક અથડામણ થઇ હતી. આ હિંસક અથડામણમાં સીઆઇએસએફના એક જવાનનુ મોત થયુ હતુ અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા. વિસ્ફોટક સ્થિતી અને ટેન્શનના કારણે થોડાક સમય માટે ફ્લાઇટ ઓપરેશનને રોકી દેવાની ફરજ પડી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓ રાત્રે ૯.૩૦ વાગ્યાની આસપાસ હાઇ સિક્યુરિટી એરિયામાં પ્રવેશી ગયા હતા. એ વખતે ફરજ પર રહેલા સીઆઇએસએફના જવાને અધિકારીની ચકાસણી કરી હતી. એ વખતે જ હિંસાની શરૂઆત થઇ હતી. પોલીસ સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે બે વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઇ ગઇ હતી. ત્યારબાર સીઆઇએસએફના જવાન પાસેથી બળજબરીપૂર્વક ગન આંચકી લેવામાં આવી હતી. સંજોગોમાં ગોળીબાર પણ થઇ ગયો હતો. જેમાં જયપાલ યાદવનુ મોત થયુ હતુ. આ ગોળીબારના બનાવમાં સીઆઇએસએફના જવાન જયપાલના ત્રણ સાથી ઘાયલ પણ થયા હતા. બનાવ બાદ સીઆઇએસએફના જવાનોએ રનવે બ્લોક કરી દીધો હતો. જેથી એરપોર્ટને બંધ કરવાની ફરજ પડી હતી. આના કારણે વિમાનીમથકે ૪૦૦૦થી વધારે યાત્રીઓ અટવાઇ પડ્યા હતા. આ બનાવના કારણે કોઝીકોડના કોરિપુર વિમાનમથકની તમામ ફ્લાઇટને કોચી ડાયવર્ટ કરવામાં આવી હતી. કેરળના ગૃહ પ્રધાન રમેશે કહ્યું છે કે તેઓએ વિમાનીમથકે વધારાના સુરક્ષા જવાન તૈનાત કરવાનો આદેશ કરી દીધો છે. સુત્રોએ કહ્યું છે કે કોઝીકોડ વિમાનીમથકે એઓઇના સ્ટાફ અને સીઆઇએસએફના જવાનો વચ્ચે અથડામણ હવે સામાન્ય બની ચુકી છે. એએઆઇ સ્ટાફ યુનિયને કહ્યું છે કે સીઆઇએસએફ દ્વારા વારંવાર કરવામાં આવતી ચકાસણીના કારણે અથડામણ થાય છે. નવા બનાવથી કેરળ સરકાર પણ હચમચી ઉઠી છે. યાત્રીઓને પણ મુશ્કેલી નડી હતી.

## પ્રથમ ટેસ્ટમાં બીજા દિવસે એકપણ બોલ ફેંકાયો નહીં

ફતુલ્લા,તા. ૧૧

ફતુલ્લાના ખાનસાહેબ ઉસ્માન અલી સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે આજે ક્રિકેટ ચાહકોને નિરાશા હાથ લાગી હતી. આજે બીજા દિવસે સતત વરસાદ ચાલુ રહેવાના લીધે એકપણ બોલ ફેંકી શકાયો નહતો. ક્રિકેટરોને પેવેલિયનમાં જ ડ્રેસિંગ રૂમમાં રહેવાની ફરજ પડી હતી. ગ્રાઉન્ડ સ્ટાફના સભ્યોએ પ્રથમ દિવસે સ્થિતિને સુધારીને કેટલાક અંશે રમતને શક્ય બનાવી હતી. પરંતુ આજે સતત બીજા દિવસે ભારે વરસાદ પડ્યો હતો. જેથી ભારતીય બેટ્સમેનો મેદાનમાં આવી શક્યા નહતા. આજે એકપણ બોલ ન ફેંકાતા ગઈકાલના જ સ્કોર ઉપર બન્ને ખેલાડીઓ અટકેલા છે. આવતીકાલે પણ વરસાદ વિલન બને તેવી શક્યતા છે. જેથી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની આ ટેસ્ટ મેચ હવે નિરશ બની ગઈ છે.અત્રે ઉલ્લેખનીય છે કે, વરસાદગ્રસ્ત ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતે જોરદાર દેખાવ કરીને કોઈપણ વિકેટ ગુમાવ્યા વગર ગઈકાલે ૨૩૯ રન બનાવી લીધા હતા. ગઈકાલે પ્રથમ દિવસે નિર્ધારીત ૯૦ ઓવરના બદલે માત્ર ૫૬ ઓવરની રમત શક્ય બની હતી. વરસાદ અને ખરાબ હવામાનના કારણે મેચના પ્રથમ દિવસે રમત બગડી હતી અને ખૂબ ઓછી રમત રમાતા ક્રિકેટચાહકો નિરાશ થયા હતા.

## ધોની વિશ્વના સૌથી ધનાઢ્ય એથલિટોમાં સામેલ : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧૧

ભારતીય સ્ટાર ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની વિશ્વના સૌથી ધનાઢ્ય એથલેટોની યાદીમાં સામેલ રહ્યો છે. સૌથી અમીર એથલેટોની વૈશ્વિક ફોર્બ્સની યાદીમાં ધોની એકમાત્ર ભારતીય તરીકે રહ્યો છે. ટોપ ૧૦૦ હાઈએસ્ટ પેઈડ એથલેટોમાં અમેરિકન બોક્સ મેવેદર, ગોલ્ફર ટાઈગર વુડ્સ, ટેનિસ સ્ટાર રોઝર ફેડરર, પોર્ટુગલનો સ્ટાર ખેલાડી ક્રિસ્ટીઆનો રોનાલ્ડો પણ સામેલ છે. જ્યારે ધોની આ યાદીમાં ૨૩માં ક્રમાંક ઉપર છે. વિશ્વની હાઈએસ્ટ પેઈડ કમાણી ૩૧ મિલીયન ડોલર રહી છે, જેમાં ૨૭ મિલીયન ડોલરની જાહેરાતની આવક અને ૪ મિલીયન ડોલરની પગાર અને અન્ય આવકનો સમાવેશ થાય છે. ૩૩ વર્ષીય ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની ૨૦૧૪ના અંતે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ગયો હતો. આની સાથે જ વિરાટ કોહલીને ટેસ્ટ કેપ્ટન તરીકેની જવાબદારી મળી હતી. પરંતુ તે વન-ડે અને ટી-૨૦માં હજુ પણ ભારતીય ટીમના કેપ્ટન તરીકે રહ્યો છે. વર્ષ ૨૦૧૫ વર્લ્ડકપના સેમીફાઈનલ રાઉન્ડમાં હારી જતા પહેલાં શાનદાર દેખાવ કર્યો હતો. તેના નેતૃત્વમાં ચેન્નાઈ સુપરકિંગની ટીમ ૮ વર્ષમાં છઠ્ઠી વખત ફાઈનલમાં પહોંચી શકી હતી. એમએસ ધોનીના નામે આત્મકથાઓ પણ લખવામાં આવી ચુકી છે. ધોનીની કમાણીમાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ જુન વચ્ચેના ગાળામાં ચુકવવામાં આવેલી ઈનામી રકમ, બોનસ અને પગારનો સમાવેશ થાય છે. મેવેદર પ્રથમ સ્થાન પર છે. તેની કમાણી ૩૦૦ મિલીયન ડોલરની આસપાસની રહી છે. ચાર વર્ષમાં ત્રીજી વખત મેવેદર હાઈએસ્ટ પેઈડ એથલેટોની યાદીમાં પ્રથમ સ્થાને રહ્યો છે. ટાઈગર વુડ્સે અગાઉ ૧૧૫ મિલીયન ડોલરની સંપત્તિ હાંસલ કરી હતી. વર્ષ ૨૦૧૫ની યાદીમાં બે ટેનિસ સ્ટાર પણ સામેલ રહી છે. જેમાં મારિયા શારાપોવા ૨૯.૭ મિલીયન ડોલર સાથે ૨૬માં ક્રમાંકે છે. જ્યારે અમેરિકન ટેનિસ સ્ટાર સેરેના વિલિયમ્સ ૨૪.૬ મિલીયન ડોલર સાથે ૪૭માં ક્રમાંકે છે.મેવેદર સામે હાલમાં જ બોક્સિંગ ફાઈટમાં મેદાનમાં ઉતરનાર ફિલીપાઈન્સનો બોક્સર મની બીજા સ્થાને છે. તેની સંપત્તિ ૧૬૦ મિલીયન ડોલર રહી છે.

ટોપ ટેનની યાદીમાં ટાઈગર વુડ્સ ટોપ ટેનમાં સ્થાન મેળવી શકવામાં સફળ રહ્યો છે. તેની સંપત્તિ ૫૦.૬ મિલીયન ડોલર નોંધાઈ છે. જોકે, કોઈ સમયે ટાઈગર વુડ્સ ૧૧૫ મિલીયન ડોલરની સંપત્તિ સાથે પ્રથમ ક્રમાંકે હતો. તેની સંપત્તિ સતત ઘટી છે. ટેનિસ ખેલાડીઓમાં જોકોવીકની સંપત્તિ ૪૮.૨ મિલીયન છે અને તે ૧૩માં ક્રમાંકે છે. જ્યારે નડાલ ૨૨માં ક્રમાંકે, ફુટબોલ સ્ટાર રોની ૩૪માં ક્રમાંકે રહ્યો છે.

## બાંગ્લાદેશની રચના સંદર્ભે મોદીના સૂચનથી પાક ખફા

નવી દિલ્હી,તા. ૧૧

બાંગ્લાદેશની રચનામાં ભારતીયની ભૂમિકા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાલના સૂચનને વખોડી કાઢીને પાકિસ્તાની સેનેટે એક ઠરાવ પસાર કર્યો છે. પાકિસ્તાની મીડિયા અહેવાલમાં જણાવાયુંછે કે, પાકિસ્તાની સેનેટમાં આ ઠરાવ સર્વસંમિતિથી પસાર કરવામાં આવ્યો છે અને આને વખોડી કાઢીને નિંદા કરવામાં આવી છે. પાકિસ્તાન સામે ભારતીય નેતાઓ દ્વારા ઉશ્કેરણીજનક નિવેદન તરીકે આને ગણવામાં આવે છે. ઠરાવ ઉપર ચર્ચા દરમિયાન રાજકીય નેતાએ ભારપૂર્વક કહ્યુંહતુંકે, પાકિસ્તાની સેના ભારત દ્વારા કોઈપણ પ્રકારની ઘુસણખોરીનો યોગ્ય જવાબ આપશે. મ્યાનમારમાં કરવામાં આવેલી કાર્યવાહી બાદ અન્ય પડોશીઓ માટે પણ આ કઠોર સંદેશ છે તેવી ટિપ્પણી ભારતના નેતાઓ તરફથી કરવામાં આવ્યા બાદ આ ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. ઠરાવમાં જણાવાયુંછે કે ચેતવણી સીધી રીતે પાકિસ્તાન સાથે સંબંધિત છે. પાકિસ્તાને અગાઉ મોદીના સૂચનને વખોડી કાઢી નિંદા કરી હતી. મોદીએ આમાં કહ્યું હતું કે, ૧૯૭૧ના યુદ્ધમાં ભારતની દરમિયાનગીરી મહત્વપૂર્ણ હતી. ઈસ્લામાબાદે દેશને અસ્થિર કરવાની ભાંગફોડી પ્રવૃત્તિમાં ભારતની ખુલ્લી સંડોવણીની નોંધ લેવા સંયુક્ત રાષ્ટ્રને અપીલ કરી હતી.

## ધરપકડ થયા બાદ મિકા સિંહને જામીન મળી ગયા

નવી દિલ્હી,તા. ૧૧

લોકપ્રિય ગાયક મિકા સિંહની ધરપકડ કરવામાં આવ્યાના કલાકો બાદ જ તેને જામીન મળી ગયા હતા. દિલ્હી પોલીસ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી. હુમલા કેસના સંદર્ભમાં ઈન્દરપુરી પોલીસ સ્ટેશનમાં તેને પૂછપરછ માટે લાવવામાં આવ્યો હતો. એપ્રિલ મહિનામાં દિલ્હીમાં એક કોન્સર્ટ દરમિયાન તબિબને તમાચો મારી દેવા બદલ આ ગાયક સામે



કાર્યવાહી કરવામાં આવી હતી અને તેને આજે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. આ હુમલાના કારણે તબિબ શ્રીકાંતને આંતરીક ઈજા થઈ હતી. પોલીસે નુકશાન પહોંચાડવાનો કેસ દાખલ કર્યો હતો. ૩૮ વર્ષીય પંજાબી ગાયકને પૂછપરછ માટે ઈન્દરપુરી પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો હતો. મિકા સિંહે પોતાનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, આ તબિબ નશાની હાલતમાં હતો અને તેની વાત સાંભળી રહ્યો નહતો. ગાયકે એમપણ કહ્યું હતું કે, શ્રીકાંત દ્વારા ખૂબ ખરાબ વર્તન કરવામાં આવી રહ્યું હતું. મહિલાઓની વચ્ચે ઉભા ન રહેવા પણ તબિબને સમજાવવામાં આવ્યું હતું. પરંતુ તેનું ખૂબ ખરાબ વર્તન રહ્યું હતું. બીજીબાજુ તબિબે કહ્યું હતું કે, મિકા સિંહે તેની સાથે ખૂબ જ અપમાનજનક વર્તન કર્યું હતું અને કાર્યક્રમથી દૂર જતા રહેવા કહ્યું હતું. સ્ટેજ પરથી તેને દૂર લઈ જવા માટે બાઉન્સરોને મિકાએ આદેશ પણ કર્યો હતો. આ બનાવ ૧૨મી એપ્રિલના દિવસે બન્યો હતો.